પ્રજાકીય કોઠાસૂઝ સામે લશ્કરી તાકાતની શી વિસાત?

તુર્કીમાં શાસન પલટાની અપેક્ષાએ થયેલા સૈનિક બળવાને પ્રજાએ જે ખુમારી દાખવીને દબાવી દીધો તે લોકશાહી પ્રત્યે જનસાધારણમાં દઢીભૂત થયેલી આસ્થાનું જ પરિણામ છે. ઈસ્લામિક રાષ્ટ્ર હોવા છતાં યુરોપની પ્રગતિશીલ વિચારધારા મુજબ જીવતી પ્રજાએ એનું કૌવત કટોકટીની ક્ષણે પ્રદર્શિત કરીને સૈનિક બળવાને દબાવી દીધો તે વિશ્વના ઈતિહાસમાં એક યાદગાર ઘટના લેખાશે. સત્તાપલટા માટેના આવા બળવાની ઈસ્લામિક રાષ્ટ્રોમાં નવાઈ નથી, પરંતુ તુર્કી એવું એક માત્ર ઈસ્લામિક રાષ્ટ્ર છે જે 'નાટો' કરાર સાથે જોડાયેલું છે. આ નાટો રાષ્ટ્રો અત્યારે સિરિયા અને ઈરાકમાં કબજે કરાયેલા વિસ્તારોમાં ચાલી રહેલ ઈસ્લામિક સ્ટેટ 'આઈ એસ' ના ખૂંખાર શાસન સામે મેદાને પડેલાં છે. તુર્કીના રાષ્ટ્રપ્રમુખ સામે સૈન્ય હળવો થયો એમાં અલબત્ત એમની જોહુકમી જવાબદાર છે. લીંબુપાણી વેચનારો શખ્સ કાળક્રમે કટ્ટરવાદી અને છેલ્લે સુવાંગ શાસક બની બેઠો છે, જેના તુમાખીભર્યા વર્તન વિરુદ્ધ આર્મીમાં ઘણા વખતથી અસંતોષ પ્રવર્તી રહ્યો હતો. ઉદારમતવાદી તુર્કીની પ્રજામાં ઈસ્લામિક કાનૂન લાગુ કરવાના એમના ઈરાદા સામે જરૂર અંસતોષ છે, પરંતુ જયારે લોકશાહી સામે ખતરો વરતાતો હોય ત્યારે શાશક ગમે તેવો હશે તોય લોકશાહી ઢબે ચૂંટાયેલો છે, તે જ બાબત મહત્ત્વની બની રહે છે. પ્રજાએ અણગમતા શાસકની અપીલને માન આપી મધરાતે મેદાનમાં ઊતરી આવી સૈનિક બળવો શમાવી દઈ ઈતિહાસ સર્જ્યો છે. એમાં ઘણા લોકોને જીવ ગુમાવવો પડ્યો છે, પરંતુ લોકશાહી ખાતર એવું બલિદાન પ્રજાને ગૌરવવંતી જ બનાવે છે. ઈસ્લામનો સાચો સંદેશ હાંસિયે મુકાઈ ગયો છે અને દુનિયા આખી ઈસ્લામિક આતંકવાદથી ત્રાસી ગઈ છે ત્યારે ઈસ્લામના નેકી-ટેકી અને નીતિમત્તાના ઉસૂલો આચરણમાં ઉતારનારા મરહૂમ કાસમ બાપુ તીરમજી જેવા ઘર દીવડાઓ દ્વારા ફેલાવાયેલો જીવન સંદેશ આપણને ભારે સધિયારો આપે છે. કાસમ બાપુ લીંબડીયા જાગીરના 'ઠાકોર' - કસ્તાબી હતા. એમણે આજીવન ગાંધીજીના સિદ્ધાંતોને અનુસરીન નિઃસ્વાર્થ ભાવે જિલ્લાની પ્રજામાં હિંદુ મુસ્લિમ ભાઈચારાની ભવ્ય મિસાલ પેશ કરી. દંતકથારૂપ મુખ્યમંત્રી અને ગરીબોના મસીહા માધવસિંહ સોલંકીના પ્રીતિપાત્ર અને મિત્ર કાસમ બાપુ પ્રત્યે જિલ્લાની પ્રજાને અનહદ માન રહ્યા કર્યું છે. કૃષિમંત્રી તરીકેની એમની કામગીરી પણ યાદગાર રહી છે. આવા ઓલિયા લોકસેવકનું જૈફ વયે થયેલું અવસાન ફક્ત કોંગ્રેસ પાર્ટી માટે જ નહીં. બલકે સમસ્ત ગાંધીનગર જિલ્લા માટે ન પુરાય એવી ખોટ ગણાશે. કાસમ બાપુ હિંદુ બહુમતી ધરાવતા ગાંધીગનર મત વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે સળંગ બે સત્રો સુધી ચૂંટાતા રહ્યા તે આપણી પ્રજાકયી ગરિમા અને ધર્મનિરપેક્ષ કોઠાસૂઝનું ઉત્તમ ઉદાહરણ હતું. છેલ્લાં ઘણાં વર્ષોથી બાપુ સક્રિય રાજકારણથી વેગળા રહીને પણ પ્રજાના પ્રશ્નો ઉકેલતા રહ્યા હતા. ખુદાની રહેમતમાં પહોંચી ગયેલા એ ઓલિયા ઠાકોર સાહેબને સો સો સલામ!

તંત્રીસ્થાનેથી...

ગુજરાતમાં ભાજપ સામે શાસનના નવા પડકાર

ગુજરાત વિધાનસભાની આવતા વર્ષની ચૂંટણી આવી પહોંચે એ પહેલાં નવા નવા પડકાર સત્તારૂઢ ભારતીય જનતા પક્ષ સામે ડોકું ફાડીને ઊભા થઈ રહ્યા છે: ભાજપની પોતીકી યાદવાસ્થળી તો હતી જ, એમાં પાટીદાર આંદોલને હાર્દિક ભરતભાઈ પટેલ નામનું નવું નેતૃત્વ ઊભું કર્યું. બાકી હતું તે અલ્પેશ ખોડાભાઈ પટેલની નેતાગીરી તથા હાકલાદેકારા સાથે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના અને ઓબીસી સહિતના દલિત-આદિવાસીઓને જોડતો મંચ ફૂંફાડા મારી રહ્યો છે. એમાં દિલ્હીના મુખ્ય પ્રધાન અને 'આપ' જેવા રાજકીય પક્ષના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ

શંકરસિંહની કૉંગ્રેસ અને ભગવી બ્રિગેડની નૂરાકુસ્તીમાં ખાબકેલા કેજરીવાલથી વિધાનસભા જંગ રસપ્રદ

સોમનાથ મહાદેવનાં દર્શન કરીને ગુજરાતમાં 'આપ'ના પ્રવેશની જાહેરાત કરે છે. અત્યાર લગી બે જ પક્ષને રાજ્યમાં સ્વીકૃતિ મળી છે અને ત્રીજા વિકલ્પનું બાળમરણ થયું છે, એ માન્યતાને તોડવા કેજરીવાલ હૂંકાર ભણી રહ્યા છે.

દિલ્હીશ્વર નરેન્દ્ર દામોદરદાસ મોદી ગુજરાતની નેતાગીરીમાં રોજબરોજના હસ્તક્ષેપને બદલે વિદેશ યાત્રાઓ અને ભારતભરના પ્રશ્નો ઉકેલવામાં વ્યસ્ત હોવાથી મુખ્ય પ્રધાન આનંદીબહેન પટેલ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તથા ધારાસભ્ય અમિત શાહની છાવણીઓ પોતપોતાનું ફોડી લે તેવી અપેક્ષા કરે છે. અમિત શાહને મુખ્ય પ્રધાન પદના ધખારા ખરા. એ ઉત્તર પ્રદેશમાં ચમત્કાર કરી શકે ત્યાં લગી એમના 'ભરત' તરીકે વિજય રૂપાણી ગાંધીનગરની ગાદી પાદુકા સાથે સંભાળે એની ચોપાટ

ગુજરાતવટો નરેન્દ્ર મોદી,અમીત શાહને ફળ્યો છે એટલે હાર્દિકના ગુજરાતવટાથી ચિંતા થવી સ્વાભાવિક

ગોઠવાય છે. વચ્ચે સર્વમિત્ર શિક્ષણપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દાવેદારી નોંધાવે એ પહેલાં જ એમને શિક્ષણકાંડ અને તલાટીકાંડમાં વેતરી નાંખવાના વ્યૂહ 'અપનેવાલે'એ જ કર્યા . એવું જ કાંઈક નીતિન પટેલની દાવેદારીનું થયું છે. આવતી વિધાનસભાની ચૂંટણીમાં નીતિનભાઈ જીત અપાવે તેવી બેઠક શોધી રહ્યા છે. એ જીતે જ નહીં એવી વેતરણમાં પક્ષના સ્વજનો છે. અત્યારના દિલ્હીશ્વર થકી વિધાનસભાની પહેલી વારની સામાન્ય ચૂંટણીમાં સંભવિત સ્પર્ધકો વિધાનસભે પહોંચતાં પહેલાં જ કપાઈ જાય એવા વ્યૂહ ગોઠવાયાની ચર્ચા હતી, એવું જ કાંઈક આજે ચર્ચાઈ રહ્યું છે.

મુખ્ય પ્રધાન આનંદીબહેનને ૭૫ વર્ષની વય પછી વર્તમાન હોદ્દે ચાલુ રાખવાના ઉધામા ગાંધીનગરના ૨૬ નંબરના બંગલાથી લઈને ૬, રેસકોર્સ રોડ એટલે કે દિલ્હીશ્વરના નિવાસ લગી મારવામાં આવે છે.આવા સંજોગોમાં દિલ્હીશ્વર ટીમે તો 'માગ માગ માગે તે આપું'નું વચન આપે ત્યારે આનંદીબહેન તો વર્તમાન હોદ્દે રહેવા જ 'તથાસ્તુ' કરાવવા કૃતસંકલ્પ છે. એમણે તો એટલે સુધી કહી દીધું કે ૭૫નો નિયમ ક્યાં કરાયો છે, બતાવો? મધ્ય પ્રદેશમાં બે પ્રધાન ૭૫ના શિકાર ભલે બન્યા હોય, મોદી સરકારમાં કલરાજ મિશ્રા,જી.એમ. સિદ્ધેશ્વર અને નજમા હેપતુલ્લા ૭૫ છતાંય નાબાદ હતાં,પણ કલરાજ સિવાયનાં બેનાં રાજીનામાં લીધાં છે. ઉત્તર પ્રદેશની ચૂંટણી માથે છે એટલે કદાચ મિશ્રાને રહેવા દીધા છે.

મોદી-શાહની કૃપાથી મુખ્ય પ્રધાન બનવા થનગની રહેલા પ્રદેશ ભાજપના અધ્યક્ષ વિજય રૂપાણી બબ્બે હોદ્દે ચાલુ છે. કેબિનેટ પ્રધાન તરીકે પણ અકબંધ રહીને પક્ષના રાજ્યના વડા તરીકે ઘોષણાઓ કરવામાં એ અગ્રેસર છે. રૂપાણીએ કહ્યું છે કે આવતી વિધાનસભા ચૂંટણી આનંદીબહેનના નેતૃત્વમાં જ લડાશે. 'નેતૃત્વમાં' એટલે જરૂરી નથી કે આનંદીબહેનને મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તરીકે આગળ કરાય. શક્ય છે કે તેમને ચૂંટણી પ્રચારની ધુરા અપાય. ગુજરાત વિધાનસભા ચૂંટણી પ્રચાર સમિતિનું સુકાન સંભાળીને પણ એ નેતૃત્વ કરે. ભાજપને નિવેદનો કરવા અને એ નિવેદનોનાં પોતાને અનુરૂપ અર્થઘટન કરવાની ફાવટ સારી છે. પક્ષના વિધાનસભ્યો નેતા એટલે કે મુખ્ય પ્રધાન નક્કી કરે એવી પ્રણાલિને ભાજપ અનુસરીને આનંદીબહેનના નેતૃત્વમાં ચૂંટણી જીત્યા પછી પણ વરમાળા અમિત શાહ કે વિજય રૂપાણીના ગળામાં પહેરાવી શકાય.

કેન્દ્રમાં કૃષિ રાજ્યપ્રધાન બન્યા પછી પરસોત્તમ રૂપાલા રાજ્યના નેતૃત્વ માટેની સ્પર્ધામાંથી બહાર થઈ ગયા એવું માનવાનું સારું લાગે, પણ રખેને ભાજપને પૂર્ણ બહુમત ના મળે તો સામી છાવણીઓમાંથી ઉધારીના સમર્થનની વ્યવસ્થા કરવાની હોય તો છેલ્લી ઘડીએ રૂપાલા રિંગમાં પોતાની હૅટ ફેંકે ય ખરા. કડવા પટેલ છે એટલે ઉત્તર ગુજરાતમાં નીતિન પટેલને ચેકમેટ કરવા અને લેઉઆ પટેલ આનંદીબહેનનો વારો આવી ગયા પછી પોતાનો દાવો રજૂ કરી શકે. રૂપાલા અનુભવી છે, હજુ ભ્રષ્ટાચારના છાંટા એમની બંડી પર ઊડ્યા નથી. વાકપટુ છે, મોદી સાથે નવતર નિકટતાનો દાવો કરી શકે છે, લાંબી રેસનો ઘોડો છે એટલે ક્યારેક મોદીના નિકટતમ રહેલા દિલીપ સંઘાણીના જ અમરેલી જિલ્લાને મુખ્ય પ્રધાન પદ મેળવી અપાવે તો નવાઈ નહીં. સંઘાણી પોતાની મર્યાદાઓ જાણે છે. અબજોના કૌભાંડના કાદવને અદાલતોમાં ધોવાનો હજુ બાકી જ છે. પાછા લેઉઆ પટેલ છે. અમરેલીમાં આંતરકલહ પણ ઘણો છે. ક્યારેક બેઉ જણાએ સાથે જ રાજકીય કારકિર્દી શરૂ કરી હશે, પ્રધાનપદાં પણ ભોગવ્યાં હશે, પણ આજે તો રૂપાલા આગળ નીકળી ગયા છે.

સંયોગ તો જુઓ, મોદીએ છ વર્ષ પક્ષના નિર્ણયને પગલે ગુજરાતવટો ભોગવવો પડ્યો અને પાછા આવ્યા ત્યારે મુખ્ય પ્રધાન તરીકે. અમિત શાહે સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં અદાલતી આદેશને પ્રતાપે ગુજરાતવટો ભોગવવો પડ્યો અને એનો અંત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષપદમાં પરિણમ્યો. હવે વારો પાટીદાર અનામત આંદોલનના નવ-નવ મહિના જેલવાસી રહેલા હાર્દિક પટેલના ગુજરાતવટાનો છે. વડી અદાલતે હાર્દિકના જામીન મંજૂર કર્યા છે, પણ રાજદ્રોહના આરોપી તરીકે હાર્દિકને, ગુજરાતની ભાજપ સરકારની રજૂઆતના પ્રતાપે જ, છ મહિના ગુજરાતવટો વહોરવાનો આદેશ આપ્યો છે. હાર્દિકે દિલ્હીમાં કે અન્યત્રરહીને પટેલ - કુમી સમાજનું કામ કરવાનું નક્કી કર્યું છે. એણે ઉત્તર પ્રદેશમાં ભાજપને નડવાનું મન બનાવી લીધું છે. ગુજરાતવટે રહીને ગુજરાતમાં પણ એ ખાસી રાજકીય ઉથલપાથલ મચાવી શકે છે. ઉત્તર પ્રદેશમાં કુમી વૉટબેંકને રાજી કરવા માટે મોદી સરકારમાં અનુપ્રિયા પટેલને પ્રધાનપદું અપાયું છે. ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં એક બાજુ કૉંગ્રેસનાં પ્રિયંકા ગાંધી સક્રિય થઈ રહ્યાં છે અને બીજી બાજુ બિહારના કુમી મુખ્ય પ્રધાન નીતિશ કુમાર સક્રિય થયા છે. ઓછામાં પૂરું, અનુપ્રિયાનાં માતા કૃષ્ણા પટેલે તો કહ્યું છે કે જે અનુપ્રિયા મારી નથી થઈ એ મોદીની ક્યાંથી થવાની ? હાર્દિકની ડિમાન્ડ વધવાની છે.

જેમ ભાજપી બાપનો દીકરો હાર્દિક પટેલ ભગવી બ્રિગેડને ઉજાગરા કરાવી રહ્યો છે એમ કૉંગ્રેસી બાપનો દીકરા અલ્પેશ ખોડાભાઈ પટેલને પણ પટાવવા માટે ભાજપ અને કૉંગ્રેસ બેઉ મેદાને છે. કૉંગ્રેસીઓ અલ્પેશને

જાણીતા સ્પર્ધકોને હડસેલીને છેલ્લી ઘડીએ રૂપાલા મુખ્યપ્રધાન બનવા માટે રિંગમાં પોતાની હૅટ ફેંકે ય ખરા

હાર્દિકવાળા પાટીદાર આંદોલન સામે ઓબીસીની સાથે જ દલિત-આદિવાસીને સાથે લેવા મેદાનમાં ઉતાર્યાનો દાવો કરે છે, પણ ભાજપી નેતા આઈ. કે. જાડેજા તો અલ્પેશના દારૂબંધી અભિયાનને ભાજપનો ટેકો આપવાની ઘોષણાઓ કરતા રહે છે. આનંદીબહેન પટેલ અલ્પેશને સાચવે છે. એને હાર્દિક જેવા જેલવાસથી મુક્ત રાખ્યો છે. જોકે, હાર્દિક અને અલ્પેશ બેઉ ગમે ત્યારે ગમે તે દિશામાં ફાયર કરે એવી મિસાઈલ છે. એમની યુવા નેતાગીરી રાજ્યના લોકોને આકર્ષે છે. આવા જ સંજોગોમાં 'આપ'ના સુપ્રીમો કેજરીવાલ ગુજરાતપ્રવેશ કરી રહ્યા છે.

એક બાજુ ગુજરાત ભાજપ ભીંસમાં છે. બહુમતી જિલ્લા પંચાયતો કબજે કરીને ગુજરાત વિધાનસભા કબજે કરવાનાં સમણાં જોતી કૉંગ્રેસ રોટેશનમાં મુખ્ય પ્રધાન પદની લહાણી સાથે ગાંધીનગર સર કરવાની વેતરણમાં છે, ત્યાં ભાજપના પૂર્વ ધારાસભ્યો અને કેટલાક વર્તમાનને પોતીકા કરીને આખી કવાયતમાં ફાચર મારવા કેજરીની સેના સોમનાથમાં

ભાજપી ધારાસભ્ય રહેલા ડૉ.કનુભાઈ કલસરિયા કેજરીવાલની અર્બનછબિ સાથે રૂરલનો મેળ બેસાડે છે

પૂજા કરે છે.મહુવાના સંનિષ્ઠ લોકસેવક અને ભાજપી ધારાસભ્ય રહેલા ડૉ. કનુભાઈ કલસરિયા તો કેજરીવાલની અર્બન છબિ સાથે રૂરલનો મેળ બેસાડવા માટે ખેડૂતોને જોડી રહ્યા છે. કેજરીવાલને માફક આવે એવા જ તરંગ-તુક્કાવાળા ભાજપ ધારાસભ્ય રહેલા ધારાશાસ્ત્રી યતીન ઓઝા 'આપ'માં જોડાય છે. મુખ્ય પ્રધાન બનવા થનગનતા શંકરસિંહ વાઘેલાના સ્વપ્નમાં માધવસિંહપુત્ર ભરતસિંહ જ ફાચર મારવાની વેતરણમાં છે. એમાં પાછા કેજરીવાલ ખાબક્યા છે. હવે ગુજરાતનો જંગ વધુ રસપ્રદ થશે.

ટેકનોસેવી યુગમાં સાહિત્ય જ માનવીના મનને સંવેદનાથી હર્યુંભર્યું રાખી શકશે

આજના યંત્રોદ્યોગપ્રધાન યુગમાં માણસને માણસ બનવા માટે, માણસ રાખવા માટે સાહિત્યનો પ્રસાર આવશ્યક છે એમ આપણે માનતા હોઈએ, તો સામાન્યજનને સાહિત્યાભિમુખ કરવાની ચિંતા આપણામાં હોવી જોઈએ.

- જયંત પાઠક

આજના આ હાઈટેક યુગમાં એક ક્લિક કરો એટલે તમારા મનપસંદ સાહિત્યને લગતી તમામ બાબતો ક્ષણવારમાં જ આપણા સ્ક્રીન પર આવી જાય. પણ આવા આ સમયમાં બે બાબતોનું ધ્યાન રાખવું અત્યંત આવશ્યક જણાય છે. એક તો આપણે 'સામાન્યજન' એટલે કે જેનો સાહિત્ય સાથે કોઈ ખાસ સંબંધ ન હોય તેવી વ્યક્તિને સાહિત્યનો પરિચય કરાવવો અને ત્યારબાદ તેનામાં ઉત્તમ સાહિત્યના વાંચનની નિયમિતતા કેળવવી. અને અન્ય બાબત છે કે કયું અને કેવા પ્રકારનું સાહિત્ય આ સાહિત્યથી સાવ અપરિચિત વ્યક્તિના હાથમાં સોંપવું. આજકાલ દરેક પ્રકારનું સાહિત્ય લખાય છે, વંચાય છે તેમ જ છપાય છે. તો એમાંથી ઉત્તમ અને પ્રેરણાદાયક સાહિત્ય દરેકે દરેક વ્યક્તિ સુધી સરળતાપૂર્વક પહોંચે એની કાળજી લેવાની જરૂર છે. શ્રી કાકાસાહેબ કાલેલકર લખે છે તેમ,

"કેટલાક લેખકો લખે છે સરસ ઢબે, પણ શું પસંદ કરવું અને શું છોડી દેવું તેનો વિવેક જાણતા નથી. પરિણામે, લખાણ એકધારો રસ આપી શકતું નથી."

આપણે સૌ શબ્દોની તાકાતને જાણીએ છીએ. તેમાં પણ ફિલ્મ, નાટક અને ગીત-સંગીતના ક્ષેત્રમાં લખાયેલી સુંદર રચનાઓની આપણા પર ઊંડી અસર થાય છે. ખુશી થાય તો ગીત, દુઃખી થઈએ તો ગીત, મળીએ તો ગીત, વિખૂટા પડતાં પણ ગીત, રિસાયાનું ગીત તો મનાવવાનુંય ગીત, યુદ્ધનું ગાન અને દોસ્તીનાં ગાયન ! શ્રી સલિલ દલાલ તેમના પુસ્તક 'ગાતા રહે મેરા દિલ' માં નોંધે છે કે, 'જયારે સિનેમાગૃહમાં પ્રવેશવાની ટિકિટનો સૌથી સસ્તો દર પાંચ આના (આજના ૩૧ પૈસા) હતો, ત્યારે થિયેટરની બહાર એ ફિલ્મનાં ગીતોની ચોપડી માત્ર એક આનામાં મળતી.

આપણી આસપાસ કેટલુંય સારું - ખરાબ સાહિત્ય ઉપલબ્ધ છે, એમાંથી શબરીની જેમ ચાખી-ચાખીને ઉત્તમોત્તમની પસંદગી કરવાની કળા જો આપણે હસ્તગત કરી લઈએ તો આપોઆપ પૂર્ણપુરુષોત્તમ શ્રીરામને પામી શકીએ

તેનો પણ મોટો બિઝનેસ હતો. તેમાં સંગીત નહોતું કે નહોતો ગાનારનો અવાજ. હતા તો માત્ર શબ્દો.

આપણે હંમેશા વિચાર્યા કરીએ છીએ કે મને કઈ નોકરી મળશે, મને કોણ કામ આપશે, મારે કયા ક્ષેત્રમાં કામ કરવું - આ બધું ભૂલી જઈને જો આપણે આપણી યોગ્યતા વિકસાવીએ, સુપાત્ર બની, અધ્યયન ગહન કરીએ અને સદાચાર કેળવીએ, એટલે કામ આપોઆપ શોધતું આવશે. ઊંચામાં ઊંચા કાર્યને યોગ્ય થવા સતત પ્રયત્નશીલ રહેવું જરૂરી છે. એક બાબતનો ખાસ ખ્યાલ રાખીએ કે આપણે જ્યાં છીએ તે સર્કલમાં વાતચીત કે મસ્તી-મજાક જે કંઈ પણ ચાલી રહ્યું હોય તે આપણી હાજરીથી એક લેવલ મેઈન્ટેઈન કરતું હોવું જોઈએ. એ નીચે ન જવું જોઈએ. આપણી કેળવણી અને સંસ્કારિતાનું એ ખાસ પ્રમાણ છે.'

'કવિતાની કાયામાં હાડપિંજર કલ્પનાનું હોય છે, એમાં લોહી લાગણીઓનું વહે છે, અને શબ્દોની નાજુક, મજબૂત ચામડી વડે આખું માળખું બંધાયું હોય છે.'

- પોલ એંગલ

આપણે આપણા બાળકોને ભણવામાં સૌથી મોખરે, રમતગમત તેમજ વિવિધ કો-કરીક્યુલર એક્ટિવીટીસમાં પણ સૌથી શિખર પર રહે તેમ ઈચ્છીએ છીએ. પણ તેનામાં રહેલી માનવતાને ઉજાગર કરવાનો કે તેને યોગ્ય રીતે કેળવવાનો પ્રયાસ સુધ્ધાં કરતાં નથી. આપણે હંમેશા લોકોને ફરિયાદ કરતાં સાંભળ્યા છે કે બાળકોમાં પણ આજ-કાલ પહેલાં જેવી નિર્મળતા રહી નથી, તે હવે નિર્દોષ બાળકના બદલે પહેલાંથી જ ચાલાક લાગવા લાગે છે. એના કારણમાં છે સંવેદના, સંવેદનશીલતાનો અભાવ ! મોબાઈલ ફોનમાં સેલ્ફી લેવામાં એક્સપર્ટ એવી આ જનરેશનને કોણ સમજાવે કે કેમેરો જે જુએ તે છબીમાં નોંધી લે છે. પણ ચિત્રકાર જયારે ચિત્ર દોરે ત્યારે કઈ વસ્તુ પર વધુ ભાર મૂકવો, કઈ ગૌણ રાખવી, કઈ કાઢી નાખવી અને કઈ ઉમેરવી, એ જાણે છે. ચિત્રકાર એ વિષયના આત્માને વરેલો હોય છે. જયારે ફોટોગ્રાફમાં એ સ્પંદન અસ્પૃશ્ય રહી જાય છે. આપણી આસપાસ કેટલુંય સારું - ખરાબ સાહિત્ય ઉપલબ્ધ છે. એમાંથી શબરીની જેમ ચાખી-ચાખીને ઉત્તમોત્તમની પસંદગી કરવાની કળા જો આપણે હસ્તગત કરી લઈએ તો આપોઆપ પૂર્ણપુરુષોત્તમ શ્રીરામને પામી શકીએ.

ગાંધીનગર એ તો કલા અને સાહિત્યની નગરી છે. અહીં કલ્ચરલ ફોરમ, શિવરંજની, કલાગુર્જરી અને સંસ્કૃતિ જેવી એક નહિ; અનેક સંસ્થાઓ રચાઈ છે. નયનભાઈ પંચોલીના સુગમ સંગીતના વર્ગો હોય કે તૃષાબેન વ્યાસના ચિત્ર શીખવવાના વર્ગો; દરેકને અહીં પોતપોતાના રસને અનુરુપ કળા શીખવાની સુવિધા અહીં ઉપલબ્ધ છે જ. ગાંધીનગરમાં ચાલતી સાહિત્યિક પ્રવૃત્તિઓ વિશે લખવા બેસીઓ તો શબ્દો ઓછા પડે અને પાનેપાના ભરાઈ જાય તો પણ તેનો અંત જ ન આવે. પણ હવેના ટેકનોસેવી યુગમાં સાહિત્ય જ માનવીના મનને સંવેદનાથી હર્યુંભર્યું રાખી શકશે. આપણે સૌએ આ બાબતને ધ્યાનમાં રાખીને એ દિશામાં પ્રયત્નશીલ રહીશું તો આપણી આસપાસ ડિપ્રેશનનો ભોગ બનનાર કે હતાશાને કારણે આત્મહત્યા કરનાર એકાદ વ્યક્તિને જીવતો બચાવી જ શકીશું. આપણે ગમે તે વસ્તુની ગમે તેટલી ચર્ચા કરીએ, પણ આખરે એટલું તો ધ્યાનમાં રહેવું જોઈએ કે ચર્ચાને અંતે કંઈક ચોક્કસ કામ કરવું છે.

- nehalgadhavi101@gmail.com

સ્કૂલોમાં ડોનેશન પ્રથા ઉપર કાયદાકીય પ્રતિબંધ મૂકતી હાઈકોર્ટ

શિક્ષણએ સમાજમાં સેવા માટે હોય વેપાર માટે નહી તે સામાજીક સેવા છે. વેપારનું માધ્યમ નથી તેવું તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું છે. જે શાળાઓ જે સીબીએસસીની મંજુરી હેઠળની છે તેઓ ખુલ્લેઆમ એડમીશનમાં ડોનેશન શાળાના ડેવલોપમેન્ટ કે અન્ય બાબતો માટે માંગે છે જે ગેરકાયદેસર છે તેમ છતાં આમ જનતા આનો યેનકેન પ્રકારે અગરતો સારી શાળામાં પોતાના બાળકોને ભણાવવા બધા જ પ્રયત્નો કરતા હોય છે. નિયમનો ભંગ કરીને વધારે ફી ઉઘરાવી ઓછી રકમની પહોંચ આપે છે. જે હવે જગ જાહેર છે સ્કૂલની આવક ટ્રસ્ટ માટે કે વ્યક્તિગત રીતે પોતાના માટે ટ્રસ્ટીઓ વાપરી શકે નહી આવી રકમ માત્ર સ્કૂલના ડેવલોપમેન્ટ માટે જ વાપરી શકાય તેવી પણ ટકોર નામદાર કોર્ટે કરેલ છે. ટયુશન ફી, સ્કૂલના ખર્ચ પૂરતી જ ઉઘરાવી શકાય કોઈપણ શાળા વિદ્યાર્થીઓ પાસેથી કોઈપણ મથાળા હેઠળ વધારાની રકમ માંગી શકશે નહી તેમજ ટોનેશન સ્વૈચ્છીક રીતે પણ માંગી શકશે નહી જો આવી બાબત ધ્યાનમાં આવશે તો આવી શાળાની માન્યતા શિક્ષણ વિભાગ દ્વારા રદ કરવામાં આવશે તેવી ચીમકી પણ સીબીએસઈ દ્વારા શાળાઓને આપવામાં આવી છે પરંતુ સારી શાળામાં ડોનેશનની બદીને યેનકેન પ્રકારે વાલીઓ પોષે છે અને ફરીયાદ કરવાનું ટાળે છે. ફી ઉઘરાવવાના મુદ્દે બોર્ડને આ માટે ગાઈડલાઈન ઈસ્યુ કરવા માટે આદેશ આપવામાં આવ્યા છે.

બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગાઈડલાઈન બહારની કોઈપણ પ્રકારની ફી કે ડોનેશન શાળાઓ ઉઘાવી શકે નહી.શાળાએ સામાજીક સેવા માટે છે વ્યક્તિગત વેપાર માટે નહી. આ માટે શાળાએ ઉઘરાવાતી ફીની વિગત દર વર્ષે ઓડીટ કરી તેનો રીપોર્ટ સીબીએસસીને મોકલી આપવાનો રહેશે.

બોર્ડ દ્વારા ટયુશન ફી મુદ્દે કડક વલણ અપનાવી શાળાઓ માટે ગાઈડ લાઈન ઈસ્યુ કરી છે જેમાં કેપીરેશન ફીલ ઉઘરાવવા સામે પણ દશ ગણા દંડની જોગવાઈ કરવામાં આવી છે. જોકેપીરેશન ફી ઉઘરાવતી હોવાનું બોર્ડના ધ્યાનમાં આવશે તો તેવી સ્કૂલોની માન્યતા રદ કરવા સાથે મોટી રકમનો દંડ પણ કરવામાં આવશે. જો કોઈ શાળા દશ હજાર કેપીરેશન ફી ઉઘરાવતી હશે તો તેને એક લાખનો દંડ ફટકારવામાં આવશે.

એ જ રીતે પ્રી શાળામાં નાના બાળકોના તથા વાલીઓના ઈન્ટરવ્યુ પ્રથા સામે પણ પ્રતિબંધ હોવા છતાં શાળાઓ યેનકેન રીતે વાલી તથા બાળકનો ઈન્ટરવ્યુ લઈ ત્યારબાદ જ પ્રવેશ આપતી હોય છે જે ગેરકાયદેસર છે જે રાઈટ ટુ એજયુકેશન એકટ અંતર્ગત પણ પ્રતિબંધીત છે.

પ્રથમ વખત આ નિયમનો ભંગ કરનાર સંસ્થાને ૨૫ હજારનો દંડ થશે તથા બીજી વખત ૫૦ હજારનો વધારો થશે તેમ છતાં આ પ્રથા બંધ નહી કરે તો આવા ટ્રસ્ટ તથા શાળા ઉપર આજીવન પ્રતિબંધ મુકવામાં આવશે.

સંસદે પણ રાઈટ ટુ ઓફ ચીલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પસરી એજયુકેશન એકટ ૨૦૦૯ ની કલમ ૧૩(૧) અને ૨૮ મુજબ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકારો આપ્યા છે. ભારતના બંધારણની કલમ ૨૧ (એ) મુજબ રાજય કાયદાથી નક્કી કરે તે રીતે રાજય ૬ થી ૧૪ વર્ષની ઉપરના તમામ બાળકોને નિશુલ્ક અને ફરજીયાત શિક્ષણનો અધિકાર ૨૦૦૯ નામનો કાયદો પસાર કરેલ છે અને તેનો અમલ ૧ એપ્રિલ ૨૦૧૦ થી દરેક રાજયમાં કરવામાં આવ્યો છે પરંતુ સમાજમાં મફત મળતા શિક્ષણને બદલે ઉંચી ફી વસુલી બાળકોનું બાળપણ મારી નાખે એ હદની દેખાદેખીમાં મોટી શાળામાં મુકવાનો વાલોઓનો ક્રેઝ જરા પણ ઓછો નથી થતો તે દુઃખની વાત છે. સરકારી અધિકારીઓ જ પોતાના સંતાનોને સરકારી શાળામાં ભણાવતા નથી તો ધનાઢય પરિવારના બાળકોને સરકારી શાળામાં શા માટે મુકે?

તાજેતરમાં નગરની એક પ્રતિષ્ઠિત શાળા દ્વારા ડેવલોપમેન્ટ ફી ના નામે ડોનેશન ઉઘરાવી શાળાનો વિકાસ કરવાનો પ્રયત્ન રૂપ વિદ્યાર્થીઓ પાસેથી ફરજીયાત ડોનેશન માંગવાનો બનાવ જાહેરમાં આવતા જીલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આવું ડોનેશન ઉઘરાવવા સામે શાળાને નોટીસ પાઠવી તાત્કાલીક અસરથી ડોનેશન ઉઘરાવવાનું બંધ કરાવેલ તથા જે ડોનેશન ઉઘરાવેલ તે તમામ વિદ્યાર્થીઓને પરત આપવાની ફરજ પાડેલ.

વિદેશમાં શાળાકીય શિક્ષણ આપવું એ સરકારની ફરજ છે. મફત અને સરળ શિક્ષણ મેળવવું એ તમામ નાગરિકોનો હક્ક, અધિકાર છે અને આવી પાયાની જરૂરીયાત પૂરી પાડવીએ સરકારની ફરજ છે પરંતુ મોટી અને પ્રતિષ્ઠિત શાળામાં બાળકને મુકવાની હોડમાં આજકાલ સરકારી શાળાઓ બંધ થવાની હાલતમાં છે. સરકારી શાળાના અફલાતુન બિલ્ડીંગો, માવજત, સમારકામ તેમજ દેખભાળના અભાવે ખંડેર બનતા અટકાવવા માટે સરકારે ના છુટકે સરકારી શાળાને પ્રાઈવેટ ટ્રસ્ટને સોંપવાનો વિચાર કરવો પડયો છે. પ્રાઈવેટ ટ્રસ્ટ આવુ મફતમાં મળતા બિલ્ડીંગનો ઉપયોગ પોતાની ટ્રસ્ટની શાળાના વિકાસમાં કરી ડોનેશનો ઉઘરાવી સંસ્થાનો વિકાસ કરવામાં લાગી જાય છે. મફત શિક્ષણનો પાયાનો વિચાર બાજુએ મુકી નફાખોરી કરતી શાળાઓ સામે